# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નવી દિલ્હીમાં સાયપ્રસના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અંગે બેઠક.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે અનેક પડકારો છતાં સરહદ સલામતી દળે રાષ્ટ્રનું ગૌરવ સતત જાળવી રાખ્યું છે
3. ગુજરાત સહિત દસ રાજ્યોમાં 24 રાજ્યસભા બેઠકો માટે 18 જૂને મતદાન થશે
4. ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક 26મી મે ના દિવસે નવી દિલ્હીમાં યોજાશે
5. IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે ટકરાશે.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM CYPRUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલમાં નવી દિલ્હીમાં સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા માટે વાતચીત કરી રહ્યા છે.

તેઓ બહુપક્ષીય મંચો પર સહયોગ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. વાતચીત બાદ અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે.

શ્રી ક્રિસ્ટોડોલિડ્સ ભારતની ચાર દિવસની મુલાકાતે છે. તેમની સાથે વિદેશ મંત્રી, પરિવહન મંત્રી, વરિષ્ઠ અધિકારીઓ અને વ્યાપારી નેતાઓ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. રાષ્ટ્રપતિ ક્રિસ્ટોડોલિડ્સની આ ભારતની પ્રથમ મુલાકાત છે.

સાયપ્રસના રાષ્ટ્રપતિ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. ભારત અને સાયપ્રસ ગાઢ ભાગીદારી ધરાવે છે. આવતા વર્ષે ફેબ્રુઆરીમાં, બંને દેશો રાજદ્વારી સંબંધોના 65 વર્ષની ઉજવણી કરશે.

# AMIT SHAH - BSF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સરહદોની સુરક્ષાને એક વ્યાપક પ્રાદેશિક જવાબદારી તરીકે જોવી જોઈએ.

આજે નવી દિલ્હીમાં સરહદ સલામતી દળ (BSF) ના પદવીદાન સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, અસંખ્ય નબળાઈઓ અને પડકારો છતાં, દળે રાષ્ટ્રનું ગૌરવ સતત જાળવી રાખ્યું છે. શ્રી શાહે ગેરકાયદેસર ઘૂસણખોરી, ડ્રગ્સની હેરફેર, નકલી ચલણની હેરાફેરી અને શસ્ત્રો અને ડ્રગ્સની દાણચોરી સહિતના ઉભરતા સુરક્ષા જોખમોનો ઉલ્લેખ કર્યો. ગૃહમંત્રીએ વધુ સંકલિત અને વ્યાપક સુરક્ષા માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે રાજ્ય પોલીસ, કેન્દ્રીય સશસ્ત્ર દળો, ગુપ્તચર એજન્સીઓ અને સ્થાનિક વહીવટ વચ્ચે વધુ સારા સંકલન માટે હાકલ કરી.

## (BYTE: AMIT SHAH)

# SHAH - BSF WOMEN EVEREST

ગૃહમંત્રી અમિત શાહે આજે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ની મહિલા પર્વતારોહણ ટીમને માઉન્ટ એવરેસ્ટ પર વિજય મેળવવા બદલ અભિનંદન આપ્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું હતું કે મહિલા શક્તિ BSF ની અદમ્ય શક્તિનો પુરાવો છે. ગૃહમંત્રીએ કહ્યું કે વિશ્વના સૌથી ઊંચા શિખર પર વિજય મેળવવો અને દળની હીરક જયંતીની ઉજવણી કરતી વખતે વંદે માતરમ ગાવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું હતું કે, મહિલા પર્વતારોહણ ટીમે હિંમત, દેશભક્તિ અને સમર્પણનું એક દુર્લભ ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

# COURT -LALU YADAV

દિલ્હીની એક અદાલતે આજે IRCTC હોટલ કૌભાંડ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવ, તેમના પરિવારના સભ્યો અને અન્ય લોકો સામે આરોપો ઘડવાનો નિર્ણય 9 જૂન સુધી મુલતવી રાખ્યો છે.

આ કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરવામાં આવી રહી છે અને તે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન દ્વારા નોંધાયેલા પૂર્વનિર્ધારિત ગુના પર આધારિત છે. ED એ આરોપ લગાવ્યો છે કે 2004 થી 2009 દરમિયાન લાલુ પ્રસાદ યાદવના રેલ્વે મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન IRCTC હોટલ ચલાવવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં અનિયમિતતાઓ થઈ હતી.

ED અનુસાર, રાષ્ટ્રીય જનતા દળના વડાના નજીકના સહયોગીઓ સાથે સંકળાયેલી ખાનગી કંપનીને હોટલ જાળવણીના કોન્ટ્રાક્ટ કથિત રીતે નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના આપવામાં આવ્યા હતા. તપાસ એજન્સીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે બદલામાં, લાલુ પ્રસાદ યાદવના પરિવારના સભ્યો અને સહયોગીઓ સાથે જોડાયેલી બેનામી કંપની દ્વારા આશરે ત્રણ એકર પ્રાઇમ જમીન હસ્તગત કરવામાં આવી હતી. કેસમાં નામ આપવામાં આવેલા લોકોમાં લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી, પુત્રો તેજસ્વી યાદવ અને તેજ પ્રતાપ યાદવ, પુત્રીઓ મીસા ભારતી અને હેમા યાદવ વગેરેનો સમાવેશ થાય છે.

# EC - BIENNIAL ELECTION

ચૂંટણી પંચે આજે દસ રાજ્યોની 24 રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનો સમયપત્રક જાહેર કર્યો છે. ભૂતપૂર્વ વડા પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડા, કેન્દ્રીય પ્રધાનો જ્યોર્જ કુરિયન અને રવનીત સિંહ સહિત અનેક સભ્યોનો કાર્યકાળ આવતા મહિને સમાપ્ત થઈ રહ્યો છે. આંધ્રપ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં ચાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ત્રણ, ઝારખંડમાં બે અને મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમમાં એક-એક બેઠક માટે ચૂંટણી યોજાશે. આ જાહેરનામું 1 જૂને બહાર પાડવામાં આવશે અને 18 જૂને મતદાન થશે. મતગણતરી પણ તે જ દિવસે થશે.

પંચે મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં રાજ્યસભાની બેઠક એક એક માટે પેટાચૂંટણીની પણ જાહેરાત કરી હતી.

# TAMIL NADU- JOSEPH VIJAY

તમિલનાડુમાં, આજે જોસેફ વિજયના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળમાં વધુ બે મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો. VCK ના વન્નિયારાસુ અને IUML ના એ.એમ. શાહજહાં મંત્રી તરીકે શપથ લીધા. રાજ્યપાલ વિશ્વનાથ આર્લેકર સવારે 10 વાગ્યે ચેન્નાઈના લોકભવન ખાતે મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. આનાથી મંત્રી પરિષદમાં મંત્રીઓની સંખ્યા 35 થઈ.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# QUAD FM MEETING

ક્વાડ દેશોના  વિદેશ મંત્રીઓની બેઠક 26મી મે ના દિવસે નવી દિલ્હીમાં યોજાશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરના આમંત્રણ પર, ઓસ્ટ્રેલિયા અને  જાપાનના વિદેશમંત્રી  અને અમેરિકાના રાજ્યમંત્રી માર્કો રુબિયો આ બેઠકમાં ભાગ લેવા માટે નવી દિલ્હી આવી રહ્યા છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ગત વર્ષે વોશિંગ્ટન, ડી.સી.માં યોજાયેલી મુક્ત અને ખુલ્લા ઇન્ડો-પેસિફિક માટે ક્વાડ ચર્ચા આગળ વધશે.  નવી દિલ્હીમાં  ઓસ્ટ્રેલિયા અને જાપાનના વિદેશ મંત્રીઓ અને અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ વિદેશ મંત્રી સાથે દ્વિપક્ષીય બેઠકો કરે અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરે તેવી શક્યતા છે.

# BHUPENDER- BIOLOGICAL DIVERSITY DAY

આજે આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ નિમિત્તે, કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે નાગરિકોને બધા જીવો માટે એક સહિયારું ભવિષ્ય બનાવવામાં મદદ કરવા અપીલ કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી યાદવે કહ્યું કે આ વર્ષની થીમ - વૈશ્વિક અસર માટે સ્થાનિક રીતે કાર્ય કરો - જૈવવિવિધતાના નુકસાનને રોકવા માટે દરેકને પ્રયત્નશીલ રેહવા અનુરોધ છે. તેમણે કહ્યું કે, સમૃદ્ધ જૈવવિવિધતા ટકાઉ વિકાસના અસંખ્ય પડકારોનો ઉકેલ ધરાવે છે.

# MARCO RUBIO

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું છે કે, અમેરિકા જરૂર પડ્યે ભારતને ઊર્જા આપવા તૈયાર છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે ભારતમાં ઊર્જાના ભાવમાં વધારો થવા અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે આ નિવેદન આપ્યું હતું. વિદેશ મંત્રીએ સ્વીડન અને ભારતની યાત્રા માટે રવાના થતી વખતે પત્રકારો સાથે વાત કરી હતી. ભારતને એક મહાન ભાગીદાર ગણાવતા તેમણે કહ્યું કે આ યાત્રા દરમિયાન તેમને ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરવાની તક મળશે.

(BYTE: FINAL SI MARCO RUBIO)

શ્રી રુબિયો આવતીકાલથી 26 મે દરમિયાન ભારતની મુલાકાતે છે . આ દરમિયાન તેઓ કોલકાતા, આગ્રા, જયપુર અને નવી દિલ્હીની મુલાકાત લેશે. શ્રી રુબિયો, ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ અને જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ 26 મેના રોજ ક્વાડ બેઠકમાં ભાગ લે તેવી શક્યતા છે. આ બેઠકની અધ્યક્ષતા ભારતીય વિદેશ મંત્રી ડૉ એસ જયશંકર કરશે.

# US TROOPS POLAND

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા પોલેન્ડમાં પાંચ હજાર વધારાના સૈનિકો મોકલશે.અમેરિકા સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, યુરોપમાં તૈનાત અમેરિકન સૈનિકોની સંખ્યા ચાર હજારથી ઘટાડીને ત્રણ હજાર કરવામાં આવી છે. એક નિવેદનમાં, સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ નિર્ણયને કારણે પોલેન્ડમાં અમેરિકન સૈનિકોની તૈનાતીમાં કામચલાઉ વિલંબ થયો છે.

મંત્રાલયે પોલેન્ડને અમેરિકાનો આદર્શ સાથી ગણાવ્યો છે. અહેવાલો અનુસાર, હાલમાં યુરોપમાં લગભગ 80 હજાર અમેરિકન સૈનિકો છે. તેમાંથી લગભગ 10 હજાર સૈનિકો પોલેન્ડમાં છે. અગાઉ, અમેરિકન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે, આગામી છ થી બાર મહિનામાં જર્મનીમાંથી લગભગ પાંચ હજાર અમેરિકન સૈનિકો પાછા ખેંચવામાં આવશે.

# IPL

IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદ આજે હૈદરાબાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે રમાશે.

આ પહેલા, ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે, ગુજરાત ટાઇટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 89 રનથી હરાવ્યું. ગુજરાત ટાઇટન્સના 230 રનના લક્ષ્ય સામે, ચેન્નાઈ સુપર કિંગ્સ 13 ઓવર અને ચાર બોલમાં 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. મોહમ્મદ સિરાજને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.